**[A] નીચે આપેલા ૪ જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકનો ૧ ગુણ)**

**1. કેટલીક લીલમાં તંતુઓ વારંવાર તૂટે છે અને દરેક ટુકડો સ્વતંત્ર લીલ તરીકે વર્તે છે, તે ક્રિયાને શું કહે છે ?**

(A) વાનસ્પતિક પ્રજનન (B) અલિંગી પ્રજનન

(C) લિંગી પ્રજનન (D) આપેલ પૈકી એક પણ નહીં

**Ans. (B)**

**2. વનસ્પતિના કયા ભાગો વાનસ્પતિક પ્રજનન દ્વારા નવા છોડનું નિર્માણ કરે છે ?**

(A) મૂળ, પ્રકાંડ અને પુષ્પ (B) પ્રકાંડ, પુષ્પ અને ફળ (C) પ્રકાંડ, પર્ણ અને પુષ્પ (D) મૂળ, પ્રકાંડ અને પર્ણ

**Ans. (D)**

**3. પુરુષમાં શુક્રપિંડનું સ્થાન ક્યાં છે ?**

(A) ઉદરગુહામાં (B) શુક્રવાહિનીમાં (C) વૃષણકોથળીમાં (D) શિશ્નમાં

**Ans. (C)**

**4. સ્ત્રીમાં ફલિતાંડના નિર્માણથી બાળકના જન્મ સુધીનો સમયગાળો કેટલા દિવસનો હોય છે ?**

(A) 100 (B) 180 (C) 210 (D) 280

**Ans. (D)**

**[B] નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)** **[19]**

**5. અલિંગી પ્રજનનની વિવિધ પદ્ધતિઓના નામ જણાવો.**

➠ ભાજન, અવખંડન, પુનર્જનન, કલિકાસર્જન, વાનસ્પતિક પ્રજનન, બીજાણુનિર્માણ વગેરે છે.

**6. અલિંગી પ્રજનન કરતા હોય એવા બે પ્રાણીઓના નામ આપો.**

➠ અલિંગી પ્રજનન : સ્પાયરોગાયરા, રાઇઝોપસ, અમીબા પેરામિશિયમમાં જોવા મળે છે.

**7. પુનર્જનન શા માટે પ્રજનન જેવું નથી ?**

➠ કારણ કે દરેક સજીવના કોઈ પણ ભાગને કાપીને કે તોડીને સામાન્યતઃ નવો સજીવ ઉત્પન્ન કરી શકાતો નથી. આમ, તે પ્રજનન સમાન નથી.

**8. વજપત્રો અને દલપત્રોના કાર્ય જણાવો.**

➠ વજપત્રો : કલિકા અવસ્થાએ પુષ્પના ભાગોનું રક્ષણ કરે છે. દલચક્રો : પરાગનયન કરાવી પ્રજનનમાં સહાયક તરીકે કાર્ય કરે છે.

**9. વાનસ્પતિક પ્રજનનની કૃત્રિમ તકનીકના નામ આપો.**

➠ વાનસ્પતિક પ્રજનનની કૃત્રિમ તકનીકમાં કલમ, દાબકલમ અને આરોપણ છે.

**10. પરપરાગનયનનાં વાહકો જણાવો.**

➠ પવન, પાણી, કીટકોનો સમાવેશ થાય છે.

**11. શુક્રકોષના વહન અને પોષણમાં કઈ ગ્રંથિના સ્રાવ મદદરૂપ છે ?**

➠ પ્રોસ્ટેટ અને શુક્રાશય પોતાનો સ્રાવ શુક્રવાહિકામાં ઠાલવે છે. જે શુક્રકોષોની તરલતા માટે પ્રવાહી માધ્યમ પૂરું પાડે છે. પરિણામે સ્થળાંતરણ સરળતાથી થાય છે.

➠ સ્રાવમાંથી શુક્રકોષોને પોષણ પણ મળે છે.

**12. જરાયુ કોને કહે છે ?**

➠ ભ્રૂણને માતાના શરીરના રુધિરમાંથી જ પોષણ મળે છે તેની સાથે સંકળાયેલી વિશેષ રચનાને જરાયુ (Placenta) કહે છે.

**13. બૅક્ટેરિયા અને વાઇરસ વડે થતાં STDs નાં નામ આપો.**

➠ બૅક્ટેરિયાજન્ય રોગો - ગોનોરિયા, સિફિલિસ

➠ વાઈરસજન્ય રોગો - AIDS અને મસા

**14. ખાલી જગ્યા પૂરો : ગોનોરિયા અને સિફિલિસ જેવા જાતીય રોગો માટે જવાબદાર રોગકારક .......... છે.**

➠ બૅક્ટેરિયા

**15. ખાલી જગ્યા પૂરો : સપુષ્પ વનસ્પતિમાં અંડકોષના ફલનની ક્રિયા .......... માં થાય છે.**

➠ અંડાશય

**16. ખાલી જગ્યા પૂરો : સ્ત્રીમાં દર .......... દિવસે અંડપિંડમાંથી અંડકોષ મુક્ત થાય છે.**

➠ 28

**17. ખાલી જગ્યા પૂરો : વૃષણકોથળીનું તાપમાન પુરુષના શરીરના સામાન્ય તાપમાન કરતાં .......... નીચું હોય છે.**

➠ 2° થી 3° ડિગ્રી

**18. સાચાં ખોટાં વિધાનો : અમીબા અને પેરામિશિયમ જેવા એકકોષી પ્રાણીઓમાં અવખંડન પ્રજનન પદ્ધતિ સામાન્ય છે.**

➠ ખોટું

**19. સાચાં ખોટાં વિધાનો : ભિન્નતા જાતિઓના અસ્તિત્વ માટે અગત્યની છે.**

➠ સાચું

**20. સાચાં ખોટાં વિધાનો : જાતીય અંતઃસ્રાવોના સ્રાવની શરૂઆત તરુણાવસ્થાથી થાય છે.**

➠ સાચું

**21. સાચાં ખોટાં વિધાનો : છોકરી જન્મે છે ત્યારે તેના અંડપિંડમાં હજારો અપરિપક્વ અંડપુટિકાઓ હોય છે.**

➠ સાચું

**22. સાચાં ખોટાં વિધાનો : જન્મ પહેલાં બાળકનું લિંગ જાણવું આપણા દેશમાં કાયદેસર છે.**

➠ ખોટું

**23. સાચાં ખોટાં વિધાનો : કેળાં, નારંગી, ગુલાબ અને મોગરા જેવી વનસ્પતિઓ જેમણે બીજનિર્માણની ક્ષમતા ગુમાવી છે, તેઓનું ઉત્પાદન વાનસ્પતિક પ્રજનન વડે થઈ શકે છે.**

➠ સાચું